સાપ્તાહિક

# ક્રાઈમ કિંગ

CRIME KING (weekly)

EDITOR : NIKITA R. SAXENA
(MO) 98796 16556
E-mail : crimekingnews.gmail.com

RNI NO : GUJGUJ/2014/56392

PRINTED MATTER

To, ______

✱ AT : 45, KONARAK SOCIETY, NEAR SUNDARAM COMPLEX, JAWAHAR CHOWK, SARBARMATI, AHMEDABAD - 380019.

* YEAR : 10 * Issue No.11 * Date : 30-06-2023 * Friday * Page No. 4 Rs. 01.00 * Annual Rs.50/-

### ભાવમાં ઘટાડાની ડીલર વર્તુળોમાં જોરદાર ચર્ચા ચાલી રહી છે

# ૧ જુલાઈથી પેટ્રોલ ડીઝલના ભાવમાં ઘટાડાની જોરદાર ચર્ચા

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૯

હાલ દરેક વ્યક્તિને મોંઘવારીની ચિંતા સતાવી રહી છે. જીવન જરૂરિયાતી વસ્તુઓના સતત વધતા ભાવથી લોકોને ડર લાગી રહ્યો છે. ભાવ ઉંચેને ઉંચે જઈ રહ્યા છે, પણ નીચે ઉતરતા નથી. આવામાં હવે પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટાડાની ફરીથી ચર્ચા ઉઠી છે. ૧ જુલાઈથી પેટ્રોલ ડીઝલના ભાવમાં ઘટાડાની ડીલર વર્તુળોમાં જોરદાર ચર્ચા ચાલી રહ્યાં છે. આ ચર્ચાથી નાગરિકો ગેલમાં આવી ગયા છે.

વાત એમ છે કે, ક્રુડના ભાવ સતત નીચે ઉતરી રહ્યાં છે. આ કારણે પેટ્રોલ-ડીઝલના ભાવ પણ ઘટે તે માટે સતત દબાણ વધી રહ્યું છે. ત્યારે ચર્ચા ઉઠી છે કે, ૧ જુલાઈથી સરકાર પેટ્રોલ ડીઝલના ભાવમાં ઘટાડો જાહેર કરે તેવી પૂરતી શક્યતા છે. જો આવુ થયુ તો લોકોના ખિસ્સાનો ભાર હળવો થશે. જોકે, સરકાર કેટલો ભાવ ઘટાડો જાહેર કરે તેની કોઈ માહિતી હજી નથી.

ક્રુડના ભાવ ૬૬ ડોલર ઘટી ગયા છે. આ વાતને ૧૪ માસ જેટલો સમય વીતી ગયો છે. છતાં પેટ્રોલ કે ડીઝલમાં કોઈ રાહત મળી નથી. ઉપરથી જીવન જીરૂરિયાતી તમામ વસ્તુઓના ભાવ સતત ઉંચા જઈ રહ્યાં છે. ટામેટા, ઘઉં, કઠોળ, વગેરેના ભાવ સાતમા આસમાને પહોંચ્યા છે.

તેમજ ક્રુડના ભાવ ઘટ્યા છતાં, ૨૦૨૨ ના મે મહિના બાદ પેટ્રોલ-ડીઝલના ભાવમાં કોઈ ઘટાડો કરવામાં આવ્યો નથી. આ કારણે લોકો આ અંગે રાહતના સમાચાર ક્યારે આવે તેની રાહમાં છે.

એક ચર્ચા એવી પણ છે કે, રશિયાએ ભારતને સસ્તુ ક્રુડ ઓઈલનુ વેચાણ ક્યું છતાં તેનો લાભ




નાગરિકોને મળતોનથી. ત્યારે આ જાહેરાત ક્યારે થશે. પેટ્રોલ-ડીઝલના તોતિંગ ભાવને કારણે લોકોની કમર તૂટી રહી છે. મોંઘવારી ફાટીને ધુમાડે ગઈ છે. આવામાં લોકોને હવે ક્યાંક રાહત મળે તેવી આશા જાગી છે.

હાલની વાત કરીએ તો, ગુજરાતમાં લગભગ ૫૫૦૦ કરતા વધુ પેટ્રોલ અને ડીઝલના પેટ્રોલ પંપ આવેલા છે. અમદાવાદની વાત કરીએ તો, હાલ પેટ્રોલનો ભાવ ૯૬.૪૨ રૂપિયા અને ડીઝલનો ભાવ ૯૨.૧૭ રૂપિયા ચાલી રહ્યો છે. આવામા સરકાર કેટલો ભાવ ઘટાડો જાહેર કરી તે હજી ખબર નથી.

વડાપ્રધાન મોદીએ મંગળવારે ભોપાલની મુલાકાત દરમિયાન પેટ્રોલના ભાવ પર ખુલીને વાત કરી હતી. જે બાદ પેટ્રોલની કિંમતમાં ઘટાડો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

તેમણે પેટ્રોલના દર પર રાજનીતિ કરવા બદલ વિરોધ પક્ષોની ટીકા કરી હતી.

# ગુજરાતના મંદિરોએ ૨૦૦ કિલો સોનાનું મુદ્રીકરણ કરાવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૨૯

ભારત દેશની વાત કરીએ તો સોનાની ખરીદીમાં તે વિશ્વમાં બીજા ક્રમાંક પર આવે છે. ગુજરાતના મંદિરો કેન્દ્ર સરકારની ગોલ્ડ મોનેટાઈઝેશન સ્કીમ હેઠળ મુદ્રીકરણ માટે સોનું જમા કરાવવામાં આગેવાની લઈ રહ્યા છે. બેક્રરોના અંદાજો દર્શાવે છે કે રાજ્યના મોટા મંદિરો દ્વારા જાહેર ક્ષેત્રની બેંકોમાં લગભગ ૨૦૦ કિલો સોનું જમા કરવામાં આવ્યું છે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદ ખાતે ઈન્ડિયા ગોલ્ડ પોલિસી સેન્ટર દ્વારા હાથ ધરવામાં આવેલા અભ્યાસ મુજબ, ભારતીય પરિવારોમાં માત્ર ૦. ૨૨% સરપ્લસ ગોલ્ડ હોલ્ડિંગ યોજના હેઠળ મુદ્રીકરણ કરવામાં આવે છે.

બે મંદિરો - અંબાજી મંદિર અને સોમનાથ મંદિર - એ ટૂંકા ગાળામાં GMS હેઠળ જાહેર ક્ષેત્રની બેક્રોમાં ૨૦૦ કિલો જેટલું સોનું જમા કરાવ્યુ છે. વર્તમાન કિંમતો અનુસાર આ રકમ રૂ. ૧૨૦. ૬ કરોડની કિંમતની ગોલ્ડ ડિપોઝિટ છે.

અમદાવાદ માર્કેટમાં સોનાનો ભાવ ૬૦,૩૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ હતો. અત્યારે ચાલી રહેલા ટ્રેન્ડ પર નજર કરીએ તો જાહેર ક્ષેત્રની બેંકના એક વરિષ્ઠ એક્ઝિક્યુટિવે કહ્યું કે સરકાર મંદિરોને ગોલ્ડ મોનેટાઈઝેશન સ્કીમ હેઠળ દાન તરીકે એકત્ર કરાયેલું સોનું બેક્રોમાં જમા કરાવવા માટે પ્રોત્સાહિત કરી રહી છે. આનાથી મિડિયમ ટર્મ ડિપોઝિટ માટે વાર્ષિક ૨. ૨૫% વ્યાજ મળે છે, જયારે લાંબા ગાળાની ડિપોઝિટ માટે વાર્ષિક ૨. ૫૦% વ્યાજ મળે છે. આ મંદિરો માટે ઘણું ફાયદાકારક છે કારણ કે તેઓ ચાલુ બજાર ભાવે સોનાને રિડીમ કરી શકે છે કારણ કે તેમની ડિપોઝિટો એકબાજુ પાકી જતી હોય છે અને વ્યાજ પણ મળતું જ હોય છે. ગુજરાતમાંથી ય્સ્જી હેઠળ કરવામાં આવેલી ડિપોઝિટનો સૌથી મોટો હિસ્સો અંબાજી ટેમ્પલ ટ્રસ્ટ તરફથી આવ્યો હતો.

બનાસકાંઠા જિલ્લાના કલેક્ટર વરુણકુમાર બરનવાલે કે જેઓ મંદિર ટ્રસ્ટના બોર્ડમાં પણ છે તેમણે જણાવ્યું હતું કે મંદિરે પહેલાથી જ GMS હેઠળ ત્રણ તબક્કામાં ૧૬૮ કિલો સોનું જમા કરાવ્યું છે.

જેમાં બે તબક્કામાં ૯૬ાપ્ન અને ૨૩ાપ્નનો સમાવેશ થાય છે. મંદિરના શિખરને શણગારવા માટે લગભગ ૧૪૦ કિલો સોનાનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, જે બનાસકાંઠા જિલ્લામાં અંબાજી મંદિરનું સંચાલન કરે છે, તે ઘણીવાર ચેક, ડિમાન્ડ ડ્રાફ્ટ, ડેબિટ અને ક્રેડિટ કાર્ડ અને ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા સોનાના રૂપમાં દાન સ્વીકારે છે અને આવકવેરા કાયદાની સંબંધિત જોગવાઈઓ હેઠળ તેને અનુસરવામાં આવે છે. બેક્રિંગ ક્ષેત્રના સૂત્રોએ જણાવ્યું હતું કે મંદિરની દાનપેટીમાં પણ વારંવાર ઝવેરાતના રૂપમાં દાન તરીકે ઘણું સોનું આવે છે. સોમનાથ મંદિર કે જેણે મંદિરના સ્પાયર્સ પર સોનાનો ઢોળ ચઢાવવા માટે દાન દ્વારા સંચિત સોનાનો મોટાભાગે ઉપયોગ કર્યો છે, તેણે છ કિલો સોનું પણ જમા કરાવ્યું છે.

જીએમએસ હેઠળ. શ્રી સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી પી કે લહેરીએ જણાવ્યું હતું કે સોમનાથ મંદિરના સ્પાયર પર પ્લેટિંગ કરવા અને તેને સજાવવા માટે લગભગ ૧૫૦ કિલો સોનું ઓગળવામાં આવ્યું છે અને તેનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

મંદિર ટ્રસ્ટે તાજેતરમાં GMS હેઠળ બારના રૂપમાં લગભગ ૬ કિલો સોનું જમા કરાવ્યું છે. સોનાનું મુદ્રીકરણ કરીને મેળવેલા મોટા

## તંત્રી લેખ...

# સો દિવસ સત્તાધારી સાસુના, એક દિવસ વિપક્ષી વહુનો

જેના હાથમાં સત્તા આવે એ બીજાને સતા-વે. રમતમાં સટ્ટાવાળા જલ્સા કરે અને રાજરમતમાં સત્તાવાળા જલ્સા કરે. દેશમાં ભલે જનતાની જન-સત્તા છે,પણ ઉપર હાથ તો જેની પાસે ધન છે એ ધન-સત્તાવાળા અને આખા ધણને એક લાકડીએ હાંકવાની ધણ-સત્તા છે એનો જ રહે છે. જૂના કાળમાં પતિ પાછળ સતી થવાની કુપ્રથા હતી અને અત્યારે ગાદી ખાતર સર્વસ્વ ન્યોચ્છાવર કરી ગાદીપતિ બનવાની સતા-પ્રથા છે, સટ્ટામાં બાજી લગાડાય છે, જયારે બીજી બાજુ બાજીને સત્તા મેળવાય છે.

સત્તાના વિચારોની માથામાં સુત્તરફેણી મગજમાં ઘુમતી હતી એ જ વખતે પથુકાકા કપાળ પર મલમ ચોળતા ચોળતા રડમસ ચહેરે આવ્યા. હું તો કાકાની દશા જોઈ હબકીને ઊભા થઈ ગયો, મોઢામાંથી રાડ ફાટી ગઈ, ‘કાકા... કાકા, આ શું થયું?‘ પથુકાકા દબાયેલા જનતાના અવાજમાં માંડ બોલ્યા, ‘બેક્રમાંથી પેન્શન લેવા જવામાં મોડું કર્યું એટલે તારી એકની એક કાકી વિફરી અને છૂટ્ટો ધારદાર તવેથો માર્યો, એમાં કપાળમાં ફૂટ થઈ અને ભેગું ઢીમચું પણ ઉપસી આવ્યું, એટલે મલમ ચોળતો ચોળતો બાબા રામદેવ કપાલ-ભારતી આસન કરે એમ હું ક-પાળ ભારતી આસન કરું છું, બીજું શું કરું?‘

મેં કહ્યું, ‘કાકા, હજીય તમારા ઘરમાં કાકીનું જ સત્તાશાહી રાજ ચાલે છે?‘ પથુકાકા બોલ્યા, ‘ચાલે જ છેને? એના હાથમાં સત્તા છે એટલે જ તવેથાની ધારથી કપાળ રંગી નાંખ્યુંને લોકો જૂનાગઢ પાસે સત્તાધાર દર્શને જાય છે અને હું ઘરવાળીના હાથમાં સત્તા છે દેખાડવા કપાળે સત્તા-ધારના દર્શન કરાવું છું.‘ મેં હમદર્દી દેખાડતા કહ્યું, ‘સ ત્તાધારી જીવન સંગિનીના હાથનો ચૂપચાપ માર કેમ સહન કરો છો? વિરોધ કેમ નથી કરતા?‘

પથુકાકા ખોંખારો ખાઈને બોલ્યા કે અત્યારે દેશમાં રાજકારણની જેવી દશા છે એવી જ સ્થિતિ મારા ઘરસંસારમાં છે. સત્તાધારી પક્ષ મજબૂત છે અને વિરોધ પક્ષ મજબૂર છે. સત્તાધારી પક્ષવાળા સબળા છે, વિરોધ પક્ષવાળા નબળા છે.

સત્તા પક્ષવાળા અતૂટ છે અને વિપક્ષવાળામાં અંદરોઅંદર તૂટફૂટ છે. આ પરિસ્થિતિને લીધે સંસારમાં સત્તાધારીની ધાક છે અને રાજકારણમાં સત્તાધારીની હાક વાગે છે.

મેં કહ્યું, ‘કાકા, તમારા જેવા પીડિત પતિદેવોએ ભેગા થઈ સંગઠન બનાવ્યું છેને? સંગઠન બનાવ્યા પછી, પણ તમારી ઉપરના પ્રહાર ઓછા નથી થતા?‘ કપાળ ચોળતાં ચોળતાં કાકા બોલ્યા, ‘જો ભાઈ, એક વાત સમજી લે કે બધા નબળા એક થઈ સંગઠન શક્તિ દેખાડવાને બદલે નવી નવી રીતે નબળાઈનું પ્રદર્શન કરતા રહે, પરદેશ જઈ દેશને ભાંડતા રહે, દરેક પોતપોતાની કુલડીમાં ગોળ ભાંગતા રહે અને પોતાની નબળાઈ ઢાંકવાના વ્યર્થ ઉધામા કરી સત્તા માટેની આ ઢોંગ-રેસમાં દોડતા રહે એ પછી સત્તાના વિનિંગ પોઈન્ટ સુધી ક્યાંથી પહોંચે?‘

મેં કાકાને પૂછ્યું,‘લોકસભાની ચૂંટણી આવી રહી છે એટલે વિરોધ પક્ષના નેતાઓ એકતા સાધવાનો રાગ આલાપતા ઘુમવા માંડયા છે, આ વખતે એમનો ગજ વાગશે?‘

### વધુ એક આશાસ્પદ યુવકનો હાર્ટ અટેકે લીધો જીવ

# VVP કોલેજના ૨૮ વર્ષીય વિદ્યાર્થીનું હાર્ટ અટેકથી મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)
રાજકોટ, તા.૨૯

છેલ્લા થોડા મહિનાઓથી ગુજરાતમાં નાની વયે હાર્ટ અટેકના કારણે મૃત્યુ થયું હોવા એવા કિસ્સા સામે આવતા રહ્યા છે. ક્યારેક ક્રિકેટ રમતાં તો ક્યારેક ઓફિસમાં તો ક્યારેક રસ્તામાં યુવકો ઢળી પડ્યા હોય તેવા કિસ્સા પ્રકાશમાં આવ્યા છે. ફાસ્ટ લાઈફસ્ટાઈલ અને અનિયમિત ખોરાકને યુવાનોમાં હાર્ટ અટેકના મુખ્ય કારણો પૈકીનું એક માનવામાં આવ્યું છે. તાજેતરમાં જ વધુ એક યુવાને હૃદયરોગના હુમલાના લીધે જીવ ગુમાવ્યો છે. રાજકોટમાં અભ્યાસ કરતાં કલ્પેશ પ્રજાપતિ નામના ૨૮ વર્ષીય યુવકનું હાર્ટ અટેક આવતાં મોત થયું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, કલ્પેશ પ્રજાપતિ વીવીપી એન્જિનિયરિંગ કોલેજમાં આર્કિટેક્ચરનો અભ્યાસ કરતો હતો. આર્કિટેક્ચરનું છેલ્લું વર્ષ કલ્પેશની જિંદગીનું અંતિમ વર્ષ બની ગયું હતું. મૂળ તાપી જિલ્લાનો કલ્પેશ રાજકોટમાં રહીને અભ્યાસ કરતો હતો. તે કોલેજમાં એકાએક ઢળી પડ્યો હતો અને હોસ્પિટલ પહોંચે એ પહેલા જ તેનું મોત થયું હતું. સ્થાનિક મીડિયાના રિપોર્ટ્સ પ્રમાણે, કલ્પેશને મંગળવારે સાંજે છાતીમાં દુખાવો ઉપડ્યો હતો.તેને એસિડિટી લાગતાં તેણે સોડા પીધી હતી. તેમ છતાં રાહત નહોતી થઈ. તેણે મિત્રોને છાતીમાં દુઃખાવાની જાણ કરતાં તેને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જોકે, હોસ્પિટલ પહોંચે એ પહેલા જ તેનો જીવ જીતો રહ્યો હતો. તેના મોતના સમાચારથી આખી કોલેજમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. કલ્પેશના મોતના સમાચાર મળતાં જ મોટી સંખ્યામાં હોસ્પિટલ પહોંચી ગયા હતા.

જુવાનજોધ દીકરાનું મોત થાય તો પરિવાર પર આભ તૂટી પડે છે. આવું જ કલ્પેશના પરિવાર સાથે થયું હતું.

મધ્યમવર્ગીય પરિવારમાંથી આવતો કલ્પેશ આર્કિટેક્ચર જેવા મોંઘા કોર્સનો અભ્યાસ કરતો હતો. તેણે પોતાના પરિવારને સુંદર જિંદગી આપવાના સપના જોયા હશે. પરંતુ એ બધા હવે ફક્ત સપના જ રહી ગયા. કલ્પેશના પિતા વ્યારાના બાજુપુરા ગામમાં કરિયાણાની દુકાન ચલાવીને ગુજરાન કરે છે. મૃતક કલ્પેશના પરિવારમાં માતાપિતા અને એક મોટી બહેન છે.

# ભીમ આર્મીના અધ્યક્ષ ચંદ્રશેખર આઝાદ ઉપર જીવલેણ હુમલો

(સંપૂર્ણ સમાચાર સેવા)
સહારનપુર, તા.૨૯

યુપીના સહારનપુરથી મોટા સમાચાર આવ્યા છે. જ્યાં ચંદ્રશેખર આઝાદ પર દેવબંદ વિસ્તારમાં હુમલો થયો છે. હરિયાણા નંબરની કારમાંથી આવેલા બદમાશોએ આઝાદ પર ફાયરિંગ કર્યું હતું. આઝાદને પેટ અને કમરમાં ગોળી વાગી છે. તેમને ઈજાગ્રસ્ત હાલતમાં દેવબંદની સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ, સહારનપુરના દેવબંદ પહોંચેલા ભીમ આર્મીના ચીફ ચંદ્રશેખર આઝાદના કાફલા પર અજ્ઞાતો દ્વારા ફાયરિંગ કરવામાં આવ્યું છે. આ જીવલેણ હુમલામાં ચંદ્રશેખર ઈજાગ્રસ્ત થયા છે અને તેમને સારવાર માટે દેવબંદની હોસ્પિટલમાં ભરતી કરવામાં આવ્યાં છે. ચંદ્રશેખર પોતાની કારમાં દેવબંદ પહોંચ્યા હતા, ત્યારે અચાનક તેમની ગાડી પર અજ્ઞાત લોકો દ્વારા ફાયરિંગ કરવામાં આવ્યું હતું. ગોળી તેમને અડીને નીકળી છે જેથી તેઓ ઈજાગ્રસ્ત થયા છે.

સહારનપુરના દેવબંદ પહોંચેલા ભીમ આર્મી ચીફ ચંદ્રશેખર આઝાદના કાફલા પર અજાણ્યા લોકોએ ગોળીબાર કર્યો હતો. આ જીવલેણ હુમલામાં ચંદ્રશેખર ઘાયલ થયા છે, જેમને સારવાર માટે દેવબંદની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ચંદ્રશેખર પોતાની ફોર્ચ્યુનર કારમાં દેવબંદ પ્રવાસે પહોંચ્યા હતા. અચાનક અજાણ્યા હુમલાખોરોએ તેમના વાહન પર ગોળીબાર કર્યો હતો. ગોળી તેમને સ્પર્શ્યા બાદ નીકળી ગઈ હતી, જેના કારણે તેઓ ઘાયલ થયા હતા. તેમની કાર પર પણ બુલેટના નિશાન સ્પષ્ટ જોઈ શકાય છે. માહિતી મળતા જ પોલીસ દળ ઘટનાસ્થળે પહોંચી તપાસમાં લાગી ગઈ હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે હુમલાખોરો હરિયાણા નંબરની કારમાં આવ્યા હતા અને ચંદ્રશેખર આઝાદ પર ગોળીબાર કર્યો હતો. ચંદ્રશેખરને ગોળી વાગી છે. તેમની હાલત હવે સ્થિર હોવાનું કહેવાય છે. ફાયરિંગમાં તેમની કારના કાચ પણ તૂટી ગયા હતા. હાલ પોલીસે નાકાબંધી કરીને હુમલાખોરોની શોધખોળ શરૂ કરી છે.

આ સાથે આસપાસના વિસ્તારોમાં સીસીટીવી ફૂટેજ પણ ચેક કરવામાં આવી રહ્યા છે, જેથી હુમલાખોરોની ઓળખ કરી શકાય.

આ કેસ વિશે માહિતી આપતા ડૉક્ટરે જણાવ્યું હતું કે, ×અડધો કલાક પહેલાં, કેટલાક કાર સવાર સશસ્ત્ર માણસોએ ચંદ્રશેખર આઝાદના કાફલા પર ગોળીબાર કર્યો હતો. એક ગોળી તેમને સ્પર્શી ગઈ હતી. તેઓ ઠીક છે અને તેમને સારવાર માટે ઝઉૅંઝમાં લઈ જવામાં આવ્યા છે. હવે પોલીસ આ મામલે તપાસ કરી રહી છે.

# દિલ્હીનું ૬૩ વર્ષ જૂનું હરણ પાર્ક હવે બંધ કરી દેવાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,

દિલ્હીનું ૬૩ વર્ષ જૂનું મિની પ્રાણી સંગ્રહાલય હરણ પાર્ક હવે બંધ થવા જઈ રહ્યુ છે. કેન્દ્રના અધિકારીઓએ ડિયર પાર્કની માન્યતા રદ કરી દીધી છે. જે બાદ હવે ત્યાં હાજર હરણોને રાજસ્થાન અને દિલ્હીના જંગલોમાં છોડવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પાર્કની માન્યતા રદ કરવાનું કારણ ઝડપથી વધતા પ્રાણીઓની સંખ્યા અને મેન પાવરની અછતને ગણાવાયુ છે.

પાર્કની માન્યતા રદ કરવાનો આદેશ પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયના અંતર્ગત આવતા સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી (સીઝેડએ) એ જાહેર કર્યો છે. આ પાર્કમાં ૧૯૬૦ના દાયકામાં છ હરણ લાવવામાં આવ્યા હતા. સમય સાથે હવે તેની સંખ્યા લગભગ ૬૦૦ થઈ ગઈ છે. સીઝેડએએ ૮ જૂને ડિયર પાર્કની મિની પ્રાણી સંગ્રહાલય તરીકે માન્યતા રદ કરવાનો આદેશ જારી કર્યો હતો.

આ પાર્કને મોટાભાગે એએન ઝા ડિયર પાર્કના નામથી ઓળખવામાં આવે છે. દક્ષિણ દિલ્હીના હૌજ ખાસ વિસ્તારમાં સ્થિત આ પાર્કમાં પરિવાર પિકનિક મનાવવા કે હેન્ગઆઉટ કરવા માટે આવે છે. આ પાર્ક દિલ્હી ડેવલપમેન્ટ ઓથોરિટી (ડીડીએ) ના અધિકાર વિસ્તારમાં આવે છે. જોકે ડીડીએના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યુ કે પાર્કનું પરિસર પહેલાની જેમ વિઝિટર્સ માટે ખુલ્લુ રહેશે.

સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર પ્રાણીઓની સંખ્યામાં ઝડપથી થતો વધારો અને બીમારી ફેલાવાની સંભાવનાના કારણે આની માન્યતા રદ કરવામાં આવી છે. ત્યાં ટ્રેન્ડ કર્મચારીઓની પણ અછત હતી. પાર્કમાંથી ૭૦ ટકા પ્રાણીઓને રાજસ્થાનમાં છોડવામાં આવશે જ્યારે ૩૦ ટકાને દિલ્હી-એનસીઆરના જંગલોમાં છોડવામાં આવશે. ડીયર પાર્કથી હરણ હટાવ્યા બાદ તેને સંરક્ષિત જંગલ તરીકે ડેવલપ કરવામાં આવશે. સીઝેડએના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યુ કે અધિકારીઓએ પાર્કને ગ્રીન બેલ્ટ રાખવાનો વિશ્વાસ અપાવ્યો છે. તેનો ઉપયોગ કોઈ પણ નિર્માણ ગતિવિધિઓ માટે કરવામાં

# અમદાવાદ સહિત રાજ્યના અનેક ભાગોમાં ભારે વરસાદ ખાબક્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ ,

હવામાન વિભાગની આગાહી અનુસાર અમદાવાદ સહિત રાજ્યના અનેક વિસ્તારોમા ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. અમદાવાદ શહેરમાં સવારથી જ અનેક વિસ્તારોમાં વીજળીના કડાડા ભડાકા સાથે વરસાદ પડી રહ્યો હોવાથી રોડ પર પાણી ભરાયા છે. આ ઉપરાંત શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પણ પાણી ભરાવાને કારણે તેમજ રોડ પર વાહન ચલાવતા લોકોને ભારે હાલાકોની સામનો કરવો પડી રહ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના નરોડા, સરદારનગર, એરપોર્ટ, શાહીબાગ, વાડજ, આશ્રમરોડ, નવરંગપુરા, ગોતા, નારણપુરા, આંબાવાડી, એસ જી હાઈવે, પાલડી સહિતના વિસ્તારોમાં સારો વરસાદ નોંધાયો છે.

હવામાન વિભાગ દ્વારા ગુજરાતમાં આગામી પાંચ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. મોન્સૂન ટ્રફ અને સર્ક્યુલર સિસ્ટમ સક્રિય થવાથી ગુજરાતભરમાં મેઘમહેર જોવા મળી રહી છે. ભારેથી અતિભારે વરસાદની આગાહીને લઈ માછીમારોને ૫ દિવસ દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. આંકડા પર નજર કરીએ તો ૨૪ કલાકમાં ગુજરાતના ૧૮૬ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધારે દક્ષિણ ગુજરાતમાં પારડી અને વલસાડમાં ૭ ઈંચ વરસાદ ખાબક્યો છે. નવસારી અને વલસાડમાં આજે અતિભારે વરસાદ પડવાની આગાહી હોવાથી રેડ એલર્ટ જયારે સુરત, ડાંગ અને તાપીમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. અમદાવાદના નરોડા વિસ્તારમાં ધોધમાર વરસાદથી જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. સોસાયટીના ગાર્ડન જાણે સ્વીમિંગ પૂલમાં ફેરવાઈ ગયા હોય તેવા દ્રશ્યો પણ જોવા મળી રહ્યા છે.

હવામાનની આગાહી મુજબ ગુરુવારે રાજ્યના વલસાડ, સુરત, ભરૂચ, તાપી, ડાંગ અને નવસારીમાં અતિભારે વરસાદ પડી શકે. જયારે સૌરાષ્ટ્ર-કચ્છમાં પણ વરસાદની સંભાવના છે.

આજે સૌરાષ્ટ્રના જામનગર, રાજકોટ, મોરબી, દ્વારકા અને ભાવનગરમાં ભારે વરસાદ, જયારે કચ્છના પણ મોટાભાગના વિસ્તારો ઉત્તર ગુજરાતના પણ કેટલાક ભાગોમાં વરસાદની શક્યતા છે. મુંબઈમાં ભારે વરસાદથી અનેક વિસ્તારમાં સાર્વત્રિક જળબંબાકારની સ્થિતિ છે. દરમિયાન બુધવારે સવારે ભારે વરસાદને પગલે મલાડ વેસ્ટના માવલેદાર વિસ્તારમાં એક ઝાડ પડતા કૌશલ દોશી નામના ૩૮ વર્ષીય ગુજરાતી યુવકનું મોત થયાનું જાણવા મળ્યું છે. કૌશલને માથા



સહિત શરીરના અનેક ભાગોમાં ગંભીર ઈજાઓ થતાં મોત નીપજ્યું હતું.

દેશના કેટલાક ભાગોમાં છેલ્લા કેટલાક દિવસોથી સતત વરસાદ પડી રહ્યો છે. ત્યારે બુધવારે દિલ્હી સહિત ઉત્તર ભારતના મેદાની પ્રદેશમાં વરસાદના આગમી લોકોને ગરમી અને અસહ્ય બફારાથી રાહત મળી છે. ભારતીય હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી કેટલાક દિવસો સુધી ભારે વરસાદ જળવાઈ રહેશે. ૫ દિવસ દરમિયાન ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, ગોવા, ગુજરાત અને મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાં ભારે વરસાદ પડી શકે છે. ગુજરાત અને મહારાષ્ટ્રમાં તથા દક્ષિણ-પૂર્વીય રાજસ્થાનમાં ભારે વરસાદ નોંધાયો છે.

# સરકાર ગુજરાતીઓને ટકાઉ બ્રિજ આપી શક્તી નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૨૯

ગુજરાતને ટકાઉ વિકાસ જોઈએ.... રાજ્યમાં ભ્રષ્ટાચારના ભારમાં પુલોની હાલત ખરાબ થઈ રહી છે. છેલ્લા ઘણા સમયથી લોકાર્પણ પહેલાં કે લોકાર્પણના ગણતરીના વર્ષોમાં પુલો ખખડધજ કે ધરાશાયી થઈ રહ્યાં છે. તાપીમાં તો લોકાર્પણ પહેલાં જ પુલ ધરાશાયી થયો હતો. આ એક ઘટના નથી આખું લિસ્ટ છે. ૨૦૧૮ ના વર્ષમાં સીઆરઆરઆઈનો એક રિપોર્ટ આવ્યો હતો. જેમાં ગુજરાત ખરાબ પુલોમાં પ્રથમ નંબરે હતું. સામાન્ય પુલનું આયુષ્ય ૧૦૦ વર્ષ હોય છે. પરંતુ નવાઈની વાત એ છે કે, ૨૮૧માંથી ૨૫૩ પુલ ફક્ત એ સમયે ૫થી ૭ વર્ષ જ જૂનાં હતા. એ રિપોર્ટમાં એવા ખુલાસા હતા કે, ખરાબ મટીરિયલને કારણે અનેક પુલના નીચેના તળિયાનો ભાગ ખખડી ગયો છે. કોક્રીટ પણ ખરવા લાગ્યું છે. એ વાતને તો વર્ષો વિતી ગયા પણ હવે ફરી રિપોર્ટ બને અને ભાજપની વિકાસશીલ સરકારની આબરૂની ધૂળધાણી થાય એ પહેલાં સરકારે ભ્રષ્ટાચારના ભારથી દબાતા આ પુલોનો સરવે કરવાની ચોક્કસ જરૂર છે નહીં તો એક દિવસ ભારે પડશે કારણ કે મોરબી બ્રિજની દુર્ઘટના લોકો હજુ ભૂલ્યા નથી.

ભ્રષ્ટાચારના ભારમાં દબાયેલા ગુજરાતના અન્ય બ્રિજ

અમદાવાદનો હાટકેશ્વર બ્રિજ

અમદાવાદમાં વિશાલા પાસે શાસ્ત્રી બ્રિજ

વડોદરામાં અટલ બ્રિજ પર તિરાડો

વડોદરાના પાદરામાં બ્રિજ જર્જરિત

વેડ-વરિયાવ બ્રિજ બેસી ગયો

અમરેલી સાવરકુંડલામાં બ્રિજ બેસી ગયો

આણંદમાં બ્રિજ બેસી જવાની ઘટના

વલસાડનો સંજાણ બ્રિજ જર્જરીત

રાજકોટ-ગોંડલ ચોકડી પર બનેલો બ્રિજ જર્જરિત

અમદાવાદ-ઉદયપુર નેશનલ હાઈવે બ્રિજ જર્જરિત

અંબાજી હાઈવે પર બ્રિજ જર્જરિત

તાપીના મીંઢોળા નદી પર બનેલો બ્રિજનો સ્લેબ તૂટ્યો

એક તરફ સરકાર રામ મંદિર બનાવવાની વાતો કરે છે. વિદેશી મહેમાનોને સ્ટેચ્યુ ઓફ યુનિટી બતાવવા બોલાવે છે. પરંતુ ગુજરાતીઓને ટકાઉ બ્રિજ આપી શક્તી નથી. છેલ્લા કેટલાક વર્ષોમાં નવા બની રહેલા બ્રિજમાં વિકાસને બદલે ભ્રષ્ટાચાર દેખાઈ રહ્યો છે. આ બ્રિજના ખરતા કાંગરા સરકારની પોલ ખોલી રહ્યાં છે. તંત્ર અને બ્રિજ કોન્ટ્રાક્ટરની મિલીભગતને ખુલ્લી પાડે છે.

કેટલાક બ્રિજના લોકાર્પણ પહેલાં જ તિરાડો દેખાય છે, તો કેટલાકના લોકાર્પણના એક મહિનામાં જ ગાબડા દેખાય છે. સાથે જ બ્રિજની રેલિંગ પણ ગમે ત્યારે ધરાશાયી થઈ જાય તેવો ડર લાગે છે. સરકારને એમ પૂછવુ છે કે, ગુજરાતીઓએ આવો વિકાસ તો નહોતો માંગ્યો. શું તમે રાજ્યની પ્રજાને ટકાઉ બ્રિજ પણ નથી આપી શક્તા. ભ્રષ્ટાચારી બ્રિજ આપતા સરકારને તેના પર સમારકામ કરવામાં અને ઢાંકપિછોડો કરવામાં પણ શરમ આવતી નથી.

જો બે જ મહિનામાં પુલ તૂટી જવાના હોય કે, જર્જરિત જેવા થઈ જવાના હોય તો પુલ બનાવવા જ કેમ. આ પુલ સરકારના ભ્રષ્ટાચારની પોલ ખોલે છે. સુરતમાં ૧૧૮ કરોડ રૂપિયાના ખર્ચે બનેલો બ્રિજ એક જ મહિનામાં બેસી જતાં ચકચાર મચી ગઈ છે. જી હા, કૌભાંડીઓના કૌભાંડનો ફુગ્ગો પહેલા વરસાદમાં જ ફૂટી ગયો છે. એક મહિના પહેલાં સુરતના આ બ્રિજને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વર્ચ્યુઅલી ખુલ્લો મુક્યો હતો. પરંતુ પહેલા વરસાદમાં જ વેડ-વરિયાવ બ્રિજનો એક ભાગ બેસી ગયો છે. પહેલાં જ વરસાદમાં તંત્રની પ્રામાણિકતા અને ઈમાનદારીના ધજાગરા ઉડી ગયા છે. બ્રિજ સેલના અધિકારીઓએ ભ્રષ્ટાચાર કર્યો હોવાની ચર્ચા છે. ૧૧૮ કરોડ રૂપિયા કોના ખિસ્સામાં સમાયા તે એક મોટો સવાલ છે.

# ડુંગળી પકવતા ખેડૂતો માટે સરકારની મહત્વની જાહેરાત

(સંપૂર્ણ સમાચાર સેવા)
ગાંધીનગર,

રાજ્યમાં ડુંગળીની ખેતી કરતા ખેડૂતો માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. ખેડૂતોના હિતમાં રાજ્ય સરકારે મોટી જાહેરાત કરી છે. રાજ્ય સરકારે લાલ ડુંગળી પકવતા અને તેનું સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓની એ.પી.એમ.સી.માં વેચાણ કરતા ખેડૂતોને પ્રતિ કિલો બે રૂપિયાની આર્થિક સહાય કરવાનો ખેડૂત હિતલક્ષી નિર્ણય કર્યો હતો.

આ પેકેજનો વધુને વધુ ખેડૂતો લાભ લઈ શકે એ માટે પેકેજનો સમયગાળો લંબાવવાનો રાજ્ય સરકારે વધુ એક ખેડૂત હિતલક્ષી નિર્ણય કર્યો છે.

આ અંગે કૃષિમંત્રી રાઘવજી પટેલે કહ્યુ કે, આ સહાય પેકેજનો લાભ મેળવવા માટે ખેડૂતોએ તા. ૧૪ ફેબ્રુઆરીથી ૦૯ માર્ચ, ૨૦૨૩ સુધીના સમયગાળામાં પોતાના ખેતરમાં ઉત્પાદિત થયેલી લાલ ડુંગળીનું એ.પી.એમ.સી.માં વેચાણ કર્યું હોય તેવા ખેડૂતોને જ આ લાભ મળવાપાત્ર રહેશે, તેમ જાહેર કરાયું હતું.

આ બાબતે વિવિધ ખેડૂત સંગઠનો દ્વારા કરાયેલી માંગણીને ધ્યાને લઇ રાજય સરકાર દ્વારા સમયગાળાની મર્યાદાને વધારીને હવે તા.૧૪/૦૨/૨૦૨૩ થી તા. ૩૧/૦૫/૨૦૨૩ સુધી કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે.

તેમણે ઉમેર્યુ કે, આ નિર્ણયના પરિણામે આ સમયગાળા દરમિયાન પોતાના ખેતરમાંથી ઉત્પાદિત થયેલી લાલ ડુંગળી ખેતરથી એ.પી.એમ.સી.માં જ વેચાણ કરી હોય તેવા અન્ય ખેડૂતોને પણ આવરી લેવામાં આવશે. નવા સમયગાળામાં આવરી લેવાયેલા ખેડૂતો આઇ-ખેડૂત પોર્ટલ (https://

## ફાર્માસિસ્ટ યુવાનને ૫૦૦ રુપિયા બચાવવા જતાં ૬ લાખ ગુમાવવાનો વારો આવ્યા

# વડોદરાના યુવાન સાથે ક્રેડિટ કાર્ડને નામે ૬.૨૦ લાખની મોટી ઠગાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)
વડોદરા, તા.૨૯

વડોદરાના ભાયાળીમાં રહેતો ફાર્માસિસ્ટ યુવાનને ૫૦૦ રુપિયા બચાવવા જતાં ૬ લાખ ગુમાવવાનો વારો આવ્યો તેવી એક આંખો ઉઘાડતી ઘટના બની છે. રાજેશ રાઠવા સાયબર ફ્રોડ ગેંગનો ભોગ બન્યો હતો અને આ ગેંગે તેની પાસેથી લાખો રુપિયા ખંખેરી લીધા હતા.

ભાયાળીમાં રહેતા રાઠવાએ અજાણ્યા શખ્સો સામે પોલીસ નોરિયાદ નોંધાવી હતી. પોતાની સાથે બનેલી ફ્રોડની આખી ઘટના તેણે પોલીસને કહી સંભળાવી છે. તેણે કહ્યું કે થોડા સમય પહેલા એક્સિસ બેક્રમાંથી ક્રેડિટ કાર્ડ માટે મારા પર ફોન આવ્યો હતો. તેણે આ ઓફર સ્વીકારી અને કુરિયર દ્વારા કાર્ડ તેના ઘરે મોકલવામાં આવ્યું. પરંતુ રાઠવાએ આ કાર્ડ એક્ટિવેટ કર્યું ન હતું કારણ કે તેની વાર્ષિક ફી ૫૦૦ રૂપિયા હતી.આ વાતના થોડા દિવસ બાદ તેને એક વ્યક્તિનો ફોન આવ્યો હતો જેણે પોતાની ઓળખાણ સૌરભ શર્મા તરીકે આપી હતી અને પોતે એક્સિસ બેક્રનો કર્મચારી હોવાનો દાવો કર્યો હતો. ફોન કરનારે રાઠવાને પૂછ્યું કે તેણે તેનું ક્રેડિટ કાર્ડ કેમ સક્રિય કર્યું નથી. રાઠવાએ તેને કહ્યું કે તેને વાર્ષિક ફી ૫૦૦ રુપિયા વધારે લાગે છે. ત્યાર બાદ ઠગબાજે જાળ પાથરતાં કહ્યું કે તે આ કાર્ડને ફ્રીમાં એક્ટિવેટ કરી શકે છે, મફતમાં ક્રેડિટ કાર્ડ એક્ટિવેટ થતું હોવાનું જાણીને રાજેશ લલચાયો હતો અને તેણે ઠગબાજે ક્રેડિટ કાર્ડ અને બેક્રની જે પણ વિગતો માગી તે સામે ચાલીને આપી દીધી.

રાઠવાએ ફોન કરનારને કહ્યું હતું કે જો તે મફતમાં સક્રિય થાય તો તે કાર્ડનો ઉપયોગ કરશે. કાર્ડ અને બેંકની ડિટેલ શેર કરતા જ તેના ખાતામાં ત્રણ હપ્તામાં લગભગ ૬.૨૦ લાખ રૂપિયા જમા થઇ ગયા હતા. તે આશ્ચર્યચકિત થઈ ગયો અને ફ્રોડ કોલર સાથે તેના વિશે પૂછપરછ કરી, જેણે કહ્યું કે પૈસા કોઈ બેંકિંગ ભૂલને કારણે જમા થયા હોઈ શકે છે. છેતરપિંડી કરનારે રાઠવાને જણાવ્યું હતું કે તે લોન રદ કરાવી દેશે, અને થોડા કલાકોમાં જ તેના ખાતામાંથી ૪.૮૯ લાખ રૂપિયા ડેબિટ થઈ ગયા હતા અને બીજા દિવસે વધુ ૧.૩૨ લાખ રૂપિયા ડેબિટ થઈ ગયા હતા.

ઠગે રાઠવાને ફોન કર્યો હતો અને કહ્યું હતું કે તેની લોન રદ કરવામાં આવી છે અને રદ કરવા વિશેનું નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ (એનઓસી) તેને ઈમેઈલ કરવામાં આવશે.

પરંતુ રાઠવાએ બેક્રની એપ ખોલી ત્યારે ક્રેડિટ કાર્ડના મેનુમાં ૧૦ હજાર રૂપિયાની બાકી ઈએમઆઈ જોવા મળી હતી અને આટલું જોતા તે એક ધબકારો ચૂકી ગયો અને તેને ખબર પડી ગઈ તેની સાથે બહુ મોટો ફ્રોડ થયો છે અને તે તરત પોલીસ સ્ટેશન દોડ્યો હતો અને ફરિયાદ લખાવી હતી.

પોલીસ સબ-ઈન્સ્પેક્ટર જે યુ ગોહિલે કહ્યું કે અમે રાઠવાના બેંક ખાતામાંથી જે બેંક ખાતામાં પૈસા ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા તે બેંક ખાતાને શોધી કાઢવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. ઉપરાંત, તપાસ પણ બેંક પર કેન્દ્રિત રહેશે કારણ કે ફ્રોડ કોલરને રાઠવાના ક્રેડિટ કાર્ડ અને તે એક્ટિવ થયું નથી તેને વિશે ખબર હતી.

# પતિ-પત્નીના ઘરેલુ ઝગડામાં પત્નીએ છોડયું ઘર, ૧૮૧ અભયમ ટીમ આવી વ્હારે

(સંપૂર્ણ સમાચાર સેવા)
જામનગર, તા.૨૯

જામનગર શહેરના જાગૃત નાગરીકે ૧૮૧ની ટીમને ગર્ભવતી મહિલા વિશેની માહિતી આપી હતી. જામનગર અભયમની ટીમનના કાઉન્સેલર શીતલબેન સોલંકી, પોલીસ કોન્સ્ટેબલ ઈલાબા જાલા સ્થળ પર પહોચી પીડિતાને આશ્વાશન આપ્યું હતુ.

મહિલા સાથે વાત કરતા પોતે અંહીની નહીં હોવાનુ જણાવ્યુ. સાથે તેણીએ કહ્યું કે પ્રેમલગ્ન કર્યા હોવાથી માતા-પિતા સાથે સંબંધ નથી. જામનગર કામ કરવા માટે પતિ સાથે આવી હતી.બે દિવસ પહેલા પતિ સાથે હોસ્પિટલ જવા બાબત ઝગડો થયો હતો. મહિલાને બે માસની પ્રેગનેન્સી હોવાથી હોસ્પિટલ જવાનુ કહેતા પતિ હાલ ના પાડતા, ઝગડો થયો હોવાનું જણાવ્યુ હતું.












Printer / Publisher / Owner & Editor : NIKITA R. SAXENA • Printed At :- PAVANPUTRA OFFSET., G.I.D.C., SECTOR-28, GANDHINAGAR, GUJARAT - 382028
Published - 45, KONARK SOCIETY, NEAR, SUNDARAM COMPLEX, EX. JAWAHAR CHOWK, SABARMATI, AHMEDABAD - 380019.